પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 25.11.2026 **MORNING: 7.45 TO 7.55**

Day: WEDNSEDAY **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

****

1) ભારત અને જર્મનીએ સંરક્ષણ, અદ્યતન ટેકનોલોજી, વેપાર અને રોકાણમાં દ્વિપક્ષીય સહયોગ વધારવા પર ભાર મૂક્યો.

2) ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન આજે નાગપુર યુનિવર્સિટીમાં 'સ્વયંસિદ્ધા રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે.

3) ઇન્ડિયન ઓશન રિમ એસોસિએશનના વરિષ્ઠ અધિકારીઓની બેઠક આજે નવી દિલ્હીમાં શરૂ થશે.

4) ભારતનું અવકાશ અર્થતંત્ર, એક દાયકામાં લગભગ 9 અબજ યુએસ ડોલરથી વધીને 40 થી 45 અબજ યુએસ ડોલર જવાની તૈયારીઓ.

5) મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે ચીનને 6-2થી હરાવ્યું.

6) ભારતમાં પ્રથમ BIMSTEC અંડર-23 એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ આજથી ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમ ખાતે શરૂ થશે.

.....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

INDIA –GERMONY

ભારત અને જર્મનીએ સંરક્ષણ, અદ્યતન ટેકનોલોજી, વેપાર અને રોકાણમાં દ્વિપક્ષીય સહયોગ વધારવા પર ભાર મૂક્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝે સાથે ગઇકાલે ટેલિફોનિક વાતચીતમાં ભારત-જર્મની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

સાંભળીએ એક અહેવાલ –

(વોઇસ કાસ્ટ - મુકેશ બાલ)

PRESIDENT DRAUPADI MURMU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે દેશની યુવા પેઢીએ પ્રાચીન દરિયાઈ વેપારીઓની હિંમત અને કૌશલ્યમાંથી ઘણું શીખવાનું છે. ઓડિશાના કટકા ખાતે બાલી જાત્રા ફેસ્ટિવલ 2026ને સંબોધતા, તેમણે લોકોને વર્તમાનને આકાર આપવા અને ઉજ્જવળ ભવિષ્ય બનાવવા માટે ભૂતકાળમાંથી પ્રેરણા લેવા વિનંતી કરી.

રાષ્ટ્રપતિએ કહ્યું કે બાલી જાત્રા એ એક અનોખો તહેવાર છે જે ઓડિશાના ગૌરવશાળી ઈતિહાસની ઉજવણી કરે છે.

VICE PRESIDENT C. P. RADHAKRISHNAN

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન આજે નાગપુર યુનિવર્સિટીમાં 'સ્વયંસિદ્ધા રાષ્ટ્રીય પરિષદ 2026નું ઉદ્ઘાટન કરશે. રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ નાગપુર યુનિવર્સિટી ખાતે આયોજિત આ પરિષદની થીમ- વિજય શિક્ષણ દ્વારા સશક્તિકરણની યાત્રા'છે

આ બે દિવસીય પરિષદનો ઉદ્દેશ્ય મહિલાઓમાં ઉચ્ચ શિક્ષણ, નેતૃત્વ કૌશલ્ય, સલામતી અને આર્થિક સ્વનિર્ભરતાને પ્રોત્સાહન આપવાનો છે.

NSA AJIT DOVAL

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલે માલદીવમાં આઠમી કોલંબો સિક્યુરિટી કોન્ક્લેવ (CSC) NSA-સ્તરની બેઠક દરમિયાન માલદીવના સંરક્ષણ અને રાષ્ટ્રીય સેવા મંત્રી હસન રશીદ સાથે મુલાકાત કરી હતી.

બેઠક દરમિયાન, બંને પક્ષોએ ભારત અને માલદીવ વચ્ચે સંરક્ષણ અને સુરક્ષા સહયોગને મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરી. માલદીવના સંરક્ષણ અને રાષ્ટ્રીય સુરક્ષા મંત્રાલયે જણાવ્યું કે બેઠકમાં બંને દેશોની સંરક્ષણ ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા ફરીથી વ્યક્ત કરવામાં આવી.

અગાઉ, 30 સપ્ટેમ્બરના રોજ, ભારતે CSC ની નવમી ડેપ્યુટી NSA-સ્તરની બેઠકનું વર્ચ્યુઅલી આયોજન કર્યું હતું, જે દરમિયાન સભ્ય દેશોએ હિંદ મહાસાગર ક્ષેત્રમાં મુખ્ય સુરક્ષા મુદ્દાઓ પર સહયોગ વધારવાની તેમની પ્રતિબદ્ધતાનો પુન:રોચ્ચાર કર્યો હતો.

IORA - CSO

ઇન્ડિયન ઓશન રિમ એસોસિએશન (IORA)ના વરિષ્ઠઅધિકારીઓની બેદિવસીય બેઠક આજે નવી દિલ્હીમાં શરૂ થશે. આવતીકાલે 25મી IORA સભ્ય દેશના મંત્રી સ્તરની બેઠક યોજાશે. જેમાં નીતિ અને વ્યૂહાત્મક દિશામાં કરાયેલા કામ, મંત્રી સ્તરના નિર્ણયોના અમલીકરણની સમીક્ષા કરાશે, અનેક ભલામણો પર વિચાર કરવામાં આવશે અને IORAના કાર્ય અંગેમાહિતગાર કરાશે. આ બેઠકોનો ઉદ્દેશ સભ્ય દેશો વચ્ચે સહયોગને આગળ વધારવા અને સામાન્ય હિતના મુદ્દાઓ પર પ્રાદેશિક જોડાણને મજબૂત બનાવવાનો છે.

INTERNATIONAL SPACE CONCLAVE 2026

નવી દિલ્હીમાં પાંચમા ઇન્ડિયા ઇન્ટરનેશનલ સ્પેસ કોન્ક્લેવ 2026 ને સંબોધતા,વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે હતું કે ભારતનું અવકાશ અર્થતંત્ર, લગભગ 9 અબજ યુએસ ડોલરનું છે, તે એક દાયકાના સમયમાં 40 થી 45 અબજ યુએસ ડોલર સુધી વધવાની તૈયારીમાં છે.

શ્રી સિંહે કહ્યું કે ભારતનું અવકાશ ઇકોસિસ્ટમ થોડા વર્ષોમાં સિંગલ-ડિજિટ સ્ટાર્ટઅપ્સથી લગભગ પાંચસો કંપનીઓ સુધી વિસ્તર્યું છે. આ વિકાસ દર્શાવે છે કે સરકાર દ્વારા શરૂ કરાયેલા સુધારાઓએ દેશની વિશાળ ઉદ્યોગસાહસિક અને તકનીકી સંભાવનાને અવકાશ આપે છે.

JHARKHAND GOVERNMENT

ઝારખંડમાં આજથી બે દિવસનું વિધાનસભાનું ખાસ સત્રનું યોજાશે. જેમાં શાસક જેએમએમ (JMM)ના નેતૃત્વ હેઠળનું ગઠબંધન અને વિપક્ષી પક્ષો સુધારેલા ખાણ કાયદા અને મતદાર યાદીઓના ચાલુ સુધારા એસઆઈઆર (SIR)પર ચર્ચા માટે તૈયારીઓ કરાશે. આ સત્રમાં ગૃહ ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) સુધારા અધિનિયમને પાછો ખેંચવા અંગેનો ઠરાવ પણ પસાર કરે તેવી શક્યતા છે.

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

ASSAM

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી અશોક સિંઘલે આસામ હોસ્પિટલમાં,ચેપને ફેલાતો અટકાવવા માટે કરેલી કામગીરીની પ્રશંસા કરી હતી.

શ્રી સિંઘલે ગઈકાલે આસામમાં ગૌહાટી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક કાર્યક્રમમાં બોલતા કહ્યું હતું કે આસમે હોસ્પિટલમાં ચેપ રોગ રોકવામાં નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે, જયાં જુલાઈમાં આ દર લગભગ 21 ટકાથી ઘટીને ઓક્ટોબરમાં ૪ ટકા થયો હોવાનું આ વાત કહી હતી. હવે રાજ્ય ડિસેમ્બરના અંત સુધીમાં હોસ્પિટલ ચેપ દરને 4 ટકા સુધી ઘટાડવાનું લક્ષ્ય રાખે છે.

ISAM- ANNUAL CONFERNCE

ભારતીય અવકાશ સંશોધન મેડિસિનની 65મી વાર્ષિક પરિષદ આવતીકાલે બેંગલુરુમાં યોજાશે.આ બે દિવસીય પરિષદનું ઉદ્ઘાટન વાયુસેનાના વડા એર ચીફ માર્શલ આશુતોષ દીક્ષિત દ્વારા કરવામાં આવશે.

આ વર્ષની થીમ - એક હવાઈ અવકાશ - એક મિશન: રન-વેથી ઓર્બિટ સુધી એરોમેડિકલ સપોર્ટ છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ થીમ ક્લિનિકલ શ્રેષ્ઠતા, ઓપરેશનલ મેડિસિન અને અદ્યતન સંશોધન વચ્ચેના તાલમેલ પર ભાર મૂકે છે, જેનો હેતુ ફ્લાઇટના દરેક ક્ષેત્રમાં સુમેળ સાંધી આંતર શાખાકીય સહયોગ વધારવાનો છે.

આ પરિષદમાં લશ્કરી અને નાગરિક ઉડ્ડયન ક્ષેત્રોના તબીબી વ્યાવસાયિકો, ભારતીય વાયુસેનાના અધિકારીઓ અને DRDO, એરોસ્પેસ ઉદ્યોગ એજન્સીઓના પ્રખ્યાત વૈજ્ઞાનિકોનો સહિત 250 થી વધુ મહાનુભાવો ભાગ લેશે.

HOCKEY

હોકીમાં, ભારતે ભોપાલમાં મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીના લીગ-સ્ટેજ મેચમાં ચીનને 6-2થી હરાવ્યું. ભારત માટે, દીપિકાએ શાનદાર હેટ્રિક કરી હતી, જ્યારે લાલરેમ સિયામી, નેહા અને સાક્ષી રાણાએ એક-એક ગોલ કર્યો. ચીન માટે હોંગ યંગ્યુન અને ચેન ટોંગે ગોલ કર્યા. થાઇલેન્ડ, મલેશિયા અને દક્ષિણ કોરિયા પર અગાઉની જીત બાદ, આ ટુર્નામેન્ટમાં ભારતનો સતત ચોથો વિજય હતો.

દિવસની શરૂઆતમાં, જાપાને લીગ-સ્ટેજ મેચમાં મલેશિયા પર 3-1થી વિજય મેળવ્યો, જ્યારે દક્ષિણ કોરિયાએ પણ થાઇલેન્ડ સામે 1-0 થી વિજય મેળવ્યો.

BIMSTEC U23 ATHLETICS

ભારતમાં પ્રથમ BIMSTEC અંડર-23 એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ આજથી ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમ ખાતે શરૂ થશે.

25 થી 27 નવેમ્બર સુધી ચાલનારી આ ત્રણ દિવસીય ટ્રેક એન્ડ ફિલ્ડ સ્પર્ધામાં છ દેશો અને 32 ચંદ્રક ઇવેન્ટ્સમાં ભાગ લેશે. આ સ્પર્ધામાં છ દેશો - બાંગ્લાદેશ, ભૂટાન, નેપાળ, શ્રીલંકા, મ્યાનમાર અને યજમાન ભારતના 200 થી વધુ ખેલાડીઓ ભાગ લેશે.

BIMSTEC મીટનું આયોજન એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા (AFI) દ્વારા કેન્દ્રીય વિદેશ મંત્રાલય અને કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના નેજા હેઠળ ઓડિશામાં તેના સમકક્ષો સાથે મળીને કરવામાં આવી રહ્યું છે.

IMD

ભારતીય હવામાન વિભાગએ આગામી બે થી ત્રણ દિવસ દરમિયાન કેરળ, માહે, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે આવતીકાલ સુધી આંધ્રપ્રદેશ અને લક્ષદ્વીપમાં વીજળી સાથે વાવાઝોડાની આગાહી કરી છે.દક્ષિણ આંતરિક કર્ણાટકમાં આવતીકાલ સુધી વીજળી સાથે વાવાઝોડાની સંભાવના છે.આગામી બે દિવસ દરમિયાન હિમાચલ પ્રદેશ અને પંજાબમાં ગાઢ ધુમ્મસની સ્થિતિ ચાલુ રહેશે.

આગામી બે દિવસ દરમિયાન પૂર્વ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં ત્રણથી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે.

આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડિયા

- આ આજના અખબારોના મુખ્ય મથાળે વિવિધ સમાચારો વંચાઈ રહ્યા છે.
- સંદેશે લખ્યું છે કે, ઓપરેશન સિંદૂર: ચીની ઉપગ્રહની નજર ગુજરાત પર હતી: ભુજ, નલિયા અને જામનગર પર વિવિધ ઉપગ્રહોએ વિશેષ દેખરેખ રાખી હતી.
- ગુજરાત સમાચાર લખે છે કે, યુક્રેન યુદ્ધમાં રશિયાએ સાત લાખથી વધુ સૈનિકો ગુમાવ્યાના દવાથી ખળભળાટ.
- દિવ્ય ભાસ્કરે લખે છે કે, ડેમોક્રેટ્સે પાસ કર્યું નવું બિલ: અમેરિકાથી ડિપોર્ટેશનનો સામનો કરી રહેલા લોકોને મળી શકે છે ગ્રીન કાર્ડ: ભારતીયોને પણ આશા.
- નવગુજરાત સમય અને ફૂલછાબે લખ્યું છે કે, વૈભવની આતશબાજી, 52 બોલમાં બેવડી સદી.
- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો, ગુજરાત પોલીસમાં વિવિધ કેડરમાં 12 હજાર 993 જગ્યા પર ભરતી કરાશે, ગુજરાતની સરહદી સુરક્ષા માટે પાકિસ્તાન સરહદ નજીકના 20 ગામોમાં 10 IPS બે દિવસ રોકશે, રાજ્યમાં ખરીફ મગની ટેકાના ભાવે ખરીદી 30 નવેમ્બરે શરૂ થશે, નળ સરોવરના પુનર્વિકાસના પ્રોજેક્ટ પૂર્ણતાના આરે, ટૂંક સમયમાં બોટિંગ શરૂ કરાશે જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.